# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) સંવાદથી સમાધાનની પરંપરા મિથિલાંચલે આંરભી હોવાનું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે શાશ્વત મિથિલા મહોત્સવના ઉદઘાટન પ્રસંગે કહ્યું હતું

2) સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલથી શરૂ થશે

3) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાએ આરોગ્ય સેવા વધુ સઘન બનાવવા જાહેર આરોગ્ય સંસ્થાઓને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાદોહરાવી

4) મુંબઈના નાગપાડામાં એક નિર્માણાધીન ઇમારતમાં પાણીની ટાંકી સફાઇ કરતાં પાંચ મજૂરોના ગૂંગળામણને કારણે મોત

5) દુબઇમાં રમાઇ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં 252 રનના જીતના લક્ષ્યાંક સામે ભારતન આક્રમક શરૂઆત

.....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું કે મિથિલાની ધરતી જ્ઞાન, અનુષ્ઠાન અને અનુસંધાનની ધરતી છે. ગુજરાતનાં ગાંધીનગરમાં આયોજિત શાશ્વત મિથિલા મહોત્સવ 2025માં શ્રી શાહે આમ જણાવ્યું હતું. શ્રી શાહે ઉમેર્યું કે સંવાદથી સમાધાનની પરંપરા મિથિલાંચલમાં સ્થાપિત થઈ હતી.

(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય ગૃહમંત્રી)

શ્રી શાહ ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તેમજ કેન્દ્ર સરકારના કોમન સર્વિસ સેન્ટર વચ્ચે MoU પર હસ્તાક્ષર તેમજ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટરના શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી શાહે 325 કરોડ રૂપિયાના રોકાણ સાથેનું આ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટર સમગ્ર દેશમાં માત્ર ગાંધીનગરમા છે.

**(બાઇટ: અમિત શાહ, પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટર)**

. . . . . . . . . . . . . . .

# PM-AIIMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી સ્થિત એઈમ્સની મુલાકાત લીધી હતી અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. પ્રધાનમંત્રીએ તેમના સારા સ્વાસ્થ્ય અને ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના પણ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિ ધનખડને ગઈકાલે રાત્રે અસ્વસ્થતાની ફરિયાદ બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, શ્રી ધનખડની સ્થિતિ હાલમાં સ્થિર છે.

. . . . . . . . . . . . . . . .

# PM MAURITIUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ માર્ચે બે દિવસની મુલાકાતે મોરેશિયસ પહોંચશે. શ્રી મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. પ્રધાનમંત્રી શ્રી મોદીની મુલાકાતને લઈને મોરેશિયસના લોકોમાં ઘણો ઉત્સાહ છે. મોરેશિયસની 70 ટકા વસ્તી ભારતીય મૂળના લોકો છે.

. . . . . . . . . . . . . . . .

# PARLIAMENT-BUDGET SESSION

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલથી શરૂ થશે. 4 એપ્રિલ સુધી ચાલનારા આ તબક્કામાં 20 બેઠકો હશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે મણિપુર માટે બજેટ રજૂ કરશે.

ગયા મહિને મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદથી આ રાજ્ય રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સત્ર દરમિયાન, વર્ષ 2025-26 માટે ગ્રાન્ટની માંગણીઓ અને સંબંધિત વિનિયોગ બિલ પર ચર્ચા અને મતદાન કરવામાં આવશે.

બીજા તબક્કા દરમિયાન બેંકિંગ કાયદા (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ 2024, ઇમિગ્રેશન અને વિદેશી બિલ 2025 અને રેલ્વે (સુધારા) બિલ સહિત અનેક કાયદાઓ પર પણ ચર્ચા હાથ ધરાશે.

. . . . . . . . . . . . . . . .

# JP NADDA NEW SCHEMES

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે ત્રિપુરામાં છોકરીઓ માટે બે નવી યોજનાઓ, મુખ્યમંત્રી બાલિકા સમૃદ્ધિ યોજના અને મુખ્યમંત્રી કન્યા આત્મનિર્ભર યોજનાની જાહેરાત કરી.

ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારના સતત સાતમા વર્ષની ઉજવણી નિમિત્તે અગરતલાના સ્વામી વિવેકાનંદ ગ્રાઉન્ડ ખાતે એક મેગા રેલીને સંબોધતા, શ્રી નડ્ડાએ ત્રિપુરા સરકારની આ બે નવી યોજનાઓની જાહેરાત કરી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ, જો ગરીબી રેખા નીચે રહેતા પરિવારમાં કોઈ છોકરીનો જન્મ થાય છે, તો રાજ્ય સરકાર તેના નામે બોન્ડ સ્વરૂપે 50 હજાર રૂપિયા જમા કરાવશે.

આ પ્રસંગે શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, સેવા અમારું લક્ષ્ય છે અને સત્તા માધ્યમ છે.

(બાઇટ: જેપી નડ્ડા)

આ યોજનામાં ત્રિપુરા બોર્ડ, સીબીએસઈ અને આઈસીએસઈની પરીક્ષા આપતી ૧૪૦ જેટલી વિદ્યાર્થિનીઓને દ્વિચક્રીય વાહનની સહાય આપવામાં આવશે. શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે આ બંને યોજનાઓ મુખ્યમંત્રી ડૉ. માણિક સાહા દ્વારા રજૂ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MUMBAI LABORERS DEATH

મુંબઈના નાગપાડામાં એક નિર્માણાધીન ઇમારતમાં આજે બપોરે પાણીની ટાંકી સાફ કરતી વખતે પાંચ મજૂરોએ ગૂંગળામણને કારણે જીવ ગુમાવ્યા. મુંબઈ ફાયર બ્રિગેડે કામદારોને બહાર કાઢ્યા હતા અને તેમને તાત્કાલિક જેજે હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા. મૃતકોની ઓળખ સહિત વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

. . . . . . . . . . . . . . . .

# BIHAR CLEANLINESS CONFERENCE

ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન (IMC) ના કમિશનર શિવમ વર્માએ આજે જણાવ્યું હતું કે તેમની સંસ્થા કચરાના વ્યવસ્થાપન અને સ્વચ્છતા અંગે દેશના અન્ય શહેરી સ્થાનિક સંસ્થાઓ સાથે અનુભવો અને સહયોગ શેર કરવા તૈયાર છે.

શ્રી વર્માએ NGO સુલભ ઇન્ટરનેશનલ સોશિયલ સર્વિસ ઓર્ગેનાઇઝેશન દ્વારા પટના ખાતે આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શ્રેષ્ઠ કચરાના અલગીકરણ અને કચરા આધારિત આવક મોડેલના મુખ્ય સિદ્ધાંતને કારણે ઇન્દોરે છેલ્લા ઘણા સર્વેક્ષણમાં ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકેનો દરજ્જો જાળવી રાખ્યો છે.

. . . . . . . . . . . . . . .

# CRICKET

દુબઇમાં રમાઇ રહેલી ભારત અને ન્યુઝિલેડ વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં ભારતે આક્રમક શરૂઆત કરી હતી. ભારતને મળેલા જીત માટેના 252 રનના લક્ષ્યાંકના જવાબમાં છેલ્લા અહેવાલ મુજબ 2 વિકેટ ગુમાવીને 25 ઓવરમાં 122 રન કર્યા હતા. કેપ્ટન રોહિત શર્મા અને ગીલની ઓપનિંગ જોડીએ આક્રમક શરૂઆત કરીને સદીની ભાગીદારી નોંધાવી હતી. 105 રનના સ્કોર ઉપર ગીલના સ્વરૂપે પહેલી વિકેટ પડી હતી ગીલે 31 રન કર્યા હતા. જ્યારે રોહિત શર્માના આક્રમક 76 રમી રહ્યો છે. જ્યારે કોહલી એક રન બનાવવીને આઉટ થઈ ગયો હતો. જ્યારે શ્રેયષ ઐય્યરે રમી રહ્યો છે.

અગાઉ ટોસ જીતીને ન્યુઝિલેંડે બેટીંગ પસંદ કર્યુ હતું.. જોકે ભારતીય સ્પિનરોએ ન્યુઝિલેંડના બેટ્સમેનોને રન કરવા દીધા ન હતા અને ટોચના બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દીધા હતા.. જોકે મેચેલ અને બ્રેસવેલે રમેલી અરધી સદીની રમતને કારણે ન્યુઝિલેંડની ટીમે સાત વિકેટે 251 રન કર્યા હતા ભારત તરફથી વરૂણ ચક્રવર્તી અને કુલદિપ યાદવે 2-2 જ્યારે જાડેજા અને શમીએ એક-એક વિકેટ ઝડપી હતી.

. . . . . . . . . . . . . . .

# EVE HEALTH-INSTITUTE

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાએ તમામની આરોગ્ય સેવા વધુ સઘન બનાવવા  જાહેર આરોગ્ય સંસ્થાઓને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાને દોહરાવી છે. તેઓ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા-NIHFW ના 48મા વાર્ષિક દિવસ ઉજવણીને વર્ચ્યુઅલી સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે NIHFW દેશમાં જાહેર આરોગ્ય વ્યાવસાયિકો માટે તાલીમ, સંશોધન અને ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં અગ્રેસર છે. સંસ્થામાં રાષ્ટ્રીય કોલ્ડ ચેઇન અને રસી વ્યવસ્થાપન સંસાધન કેન્દ્રના મહત્વ પર પ્રકાશ પાડતા, શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે કેન્દ્રને શ્રેષ્ઠતા માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. મંત્રીએ કહ્યું કે આ વિસ્તરણ ફક્ત દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ રસીકરણ અને સપ્લાય-ચેઇનમાં ભારતના નેતૃત્વનો પુરાવો છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે સરકાર દેશમાં પ્રાથમિક, માધ્યમિક અને તૃતીય આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવીને લોકોને આરોગ્યસંભાળ સુલભ અને સસ્તી બનાવી રહી છે.

. . . . . . . . . . . . . . .

# HOKKAIDO - MEGA-QUAKE ALARM

જાપાનના નિષ્ણાતોએ હોક્કાઈડોના કિનારે સંભવિત વિનાશક ભૂકંપની ચેતવણી આપી હતી તોહોકુ અને હોક્કાઈડો યુનિવર્સિટીના સંશોધકોની એક ટીમે, જાપાન એજન્સી ફોર મરીન-અર્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી સાથે મળીને ચેતવણી આપી છે કે દરિયાની અંદર ખાઈમાં કંપનને કારણે મોટો ભૂકંપ આવી શકે છે, જે કદાચ 9 ની તીવ્રતા સુધી પહોંચી શકે છે. સંશોધન ટીમે ચિશિમા ખાઈનો અભ્યાસ કરવામાં પાંચ વર્ષ ગાળ્યા છે.

આ એક એવો વિસ્તાર છે જ્યાં સમુદ્રી પ્લેટ ખંડીય પ્લેટની નીચે ડૂબકી મારે છે. તેઓએ પ્લેટની ગતિવિધિઓનું નિરીક્ષણ કરવા માટે સમુદ્રતળ પર GPS સ્ટેશન સ્થાપિત કર્યા છે.

. . . . . . . . . . . . . . .

# BANGLADESH PROTEST

બાંગ્લાદેશમાં, દેશભરની વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તાજેતરમાં મગુરામાં આઠ વર્ષની બાળકી પર થયેલી દુષ્કર્મની ઘટનાઓનો જેવી અનેક ઘટનાઓ સામે દેખાવો કર્યા છે અને દુષ્કર્મીઓને મૃત્યુદંડની માંગ કરી છે.

ગઈકાલે રાત્રે, ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા, દેશભરમાં બનેલી ઘટનાઓમાં સંડોવાયેલાઓ માટે ન્યાયી તપાસ અને ઝડપી સજાની માંગ કરી હતી. બાદમાં, અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિવિધ શહેરોમાં યુનિવર્સિટી ટીચર્સ નેટવર્કના બેનર હેઠળ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. તેઓએ દુષ્કર્મ અને મહિલાઓ સામેની હિંસા સામે સૂત્રોચ્ચાર કરીને વિરોધ કૂચ અને માનવ સાંકળનું આયોજન કર્યું હતું. મગુરામાં તાજેતરમાં 8 વર્ષની બાળકી પર થયેલા દુષ્કર્મથી આ વિરોધ શરૂ થયો હતો.

કાયદો અને વ્યવસ્થાની નબળી સ્થિતિ વચ્ચે બાંગ્લાદેશમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાની ઘટનાઓ સતત વધી રહી છે. વિદ્યાર્થીઓએ વચગાળાની સરકારના ગૃહ બાબતોના સલાહકાર જહાંગીર આલમ ચૌધરીના રાજીનામાની પણ માંગ કરી હતી. આ દરમિયાન, હાઈકોર્ટે મગુરામાં આઠ વર્ષની બાળકી પર થયેલા દુષ્કર્મના કેસની સુનાવણી 180 દિવસમાં પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . .